# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા “કિસાન દિવસ”ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ ખાતે તા.૨૩.૧૨.૨૦૧૮ ના રોજ સ્વચ્છતા પખવાડીયુ અંતર્ગત કિસાન દિવસ ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં અલગ અલગ ગામના કુલ ૫૦ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં ઝારોલા ગામના શ્રી જયેશભાઈ પટેલ તથા ઇસરામા ગામના શ્રી દીપકભાઈ પટેલ પ્રગતિશીલ ખેડૂત તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. એસ.બી કાટોલે (ઇનચાર્જ) દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમજાવી સ્વચ્છ દુધ ઉત્પાદન માટે વિસ્તૃત જાણકારી આપી. તેઓએ જણાવ્યુકે કિસાન દિવસની ઉજવણી ભારતનાં પાંચમાં વડાપ્રધાન શ્રી ચૌધરી ચરણસિંહના જન્મ દિવસના ઉપલક્ષે ઉજવવામાં આવે છે. તેઓએ શ્રી ચૌધરી ચરણસિંહના ખેડૂતો માટે આપેલ યોગદાન વિશે પણ ચર્ચા કરી.

ડો. આર.એમ. પટેલે રોગ-જીતાતોનો ઉપદ્રવ ઓછો કરવા માટે ખેતરમાં સ્વચ્છતા રાખવા વિશે વિસ્તૃત જાણકારી આપેલ. તેઓએ શેઢા-પાળા ઉપરથી હાનિકારક નિંદામણ ગાજર ઘાસ ને નિયમિત રીતે નિકાલ કરી તેનો નાશ કરવા જણાવેલ. આ ઉપરાંત તેઓએ રાસાયણિક દવાનો વપરાશ ઘટાડી વનસ્પતિજન્ય દવાનો ઉપયોગ કરવા જણાવ્યુ. ડો. વાય.સી. લકુમ વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ ખેડૂતોને ટકાઉ ખેતી પધ્ધતિ અપનાવી ગુણવત્તાસભર ઉત્પાદન વધારવા જણાવ્યુ તેમજ સજીવ ખેતીમાં જૈવિક ખાતરોનો અને વિવિધ સેન્દ્રિય ખાતરોનો બહોળો ઉપયોગ કરવા જણાવેલ.

આ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો અને પોતે અપનાવેલી નવી તકનીકોનો ચિતાર આપ્યો હતો. શ્રી જયેશભાઇએ ગોબરમાંથી વિવિધ ઉપયોગી બનાવટો બનાવી વધુ આર્થિક નફો મેળવવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા. શ્રી દિપકભાઇએ લીમડાની લીંબોળીમાંથી ખોળ બનાવી તેનો જમીનનું સ્વાસ્થ્ય વધારવા ખેડૂતોને ઉપયોગ કરવા જણાવેલ. કાર્યક્રમના અંતે ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે ખેડૂતોને કે.વિ.કે.ના વિવિધ નિદર્શન યુનિટની મુલાકાત કરાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા  કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ








